નશીબ પર ભરોસો રાખી બેસનારને રાતનું ભોજન પણ મળતું નથી
- બેન્જામીન ફ્રેંકલિન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૩૮ | ૬ નવેમ્બર, ૨૦૧૨, મંગળવાર; આસો વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ચૂંટણી પંચનો નવ અધિકારીઓને બદલવા આદેશ

## ભારતના ચૂંટણી પંચના આદેશ પ્રમાણે જીએડી અને ગૃહ વિભાગમાં કાર્યવાહી : ગુજરાતના પાંચ આઈપીએસ અને ચાર આઈએએસ ઓફીસરોની બદલી : કુલ ૧૮ અધિકારીઓને અસર

ગાંધીનગર,તા.૪

ભારતના ચૂંટણી પંચે બદલીઓનો મામલો પોતાના હાથમાં લઈ લીધો છે અને એક જ દિવસમાં એકસાથે પૉચ આઈપીએસ અને ત્રણ આઈએએસ અધિકારીઓની બદલીઓ કરાવી નાંખી છે.

ચૂંટણી પંચના આદેશને પગલે રાજ્યના સામાન્ય વહીવટી વિભાગે તેમજ ગૃહ વિભાગે આ બદલીઓ કરી છે. જામનગરના એસપી હરિકૃષ્ણ પટેલ અને રાજકોટ પૂર્વના ડીસીપી સારાહ રિઝવી તેમજ હાલમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના જોઈન્ટ સીપી તરીકે ફરજ બજાવતા અરૂણ શર્માને બદલ્યા છે.

અમદાવાદના જોઈન્ટ સીપી અરૂણ શર્માની જગ્યાએ રક્ષા યુનિવર્સિટીના જોઈન્ટ ડાયરેક્ટર વિકાસ સહાયને નિયુક્તિ આપવામાં આવી છે. જામનગરના પોલીસ વડા તરીકે હરિકૃષ્ણ પટેલની જગ્યાએ રાજકોટ ડીસીપી પદેથી ખસેડીને સારાહ રિઝવીને મૂકવામાં આવ્યા છે. સુરત શહેરના ડીસીપી એન.ડી.સોલંકીની જગ્યાએ અનારવાલાને મૂકવામાં આવ્યા છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના હિમાંશુ શુક્લાને પાટણ એસપી તરીકે નિયુક્તિ અપાઈ છે, જ્યારે પાટણના એસપી ભરાડાની બદલી કરી દેવામાં આવી છે. તેમને ડીસીપી ક્રાઈમ અમદાવાદમાં મૂકવામાં આવ્યા છે.

ચૂંટણી પંચના આદેશને પગલે ચાર કલેક્ટરોની પણ બદલીના ઓર્ડર થયા છે જેમાં દાહોદના કલેક્ટર તરીકે રાકેશ શંકર, બનાસકાંઠાના કલેક્ટર તરીકે થેનારસન, તાપીના કલેક્ટર તરીકે શાલિની અગ્રવાલ અને સાબરકાંઠાના કલેક્ટર તરીકે શાહમિના હુસેનની નિયુક્તિ કરી દેવામાં આવી છે.

બનાસકાંઠામાં જે.બી.વોરા, સાબરકાંઠામાં એલ.સી.પટેલ, દાહોદમાં જે.એમ.લુણી અને તાપીમાં આર.જે.પટેલને ખસેડી લેવામાં આવ્યા છે.

જો કે બે આઈપીએસ અધિકારી એન.ડી.સોલંકી અને હરિકૃષ્ણ પટેલને ક્યાં પોસ્ટીંગ આપવાનું છે તેની મંજૂરી માગવામાં આવી રહી છે.

ચાર કલેક્ટરોને પણ પોસ્ટીંગ બાકી છે. આ તમામ ઓફિસરોની ચૂંટણી પંચ સમક્ષ પહોંચેલી ફરિયાદના આધારે બદલીના આદેશ કરવામાં આવ્યા છે.

# માણસામાં સ્વાઇન ફ્લુના દર્દીનું મોત : જિલ્લામાં સ્વાઇન ફ્લુથી પ્રથમ મૃત્યુ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના માણસામાં નોંધાયેલ સ્વાઈન ફ્લુના દર્દીનું આજે સારવાર દરમ્યાન મૃત્યુ નીપજ્યું છે. આમ સ્વાઈન ફ્લુથી જિલ્લામાં પ્રથમ મૃત્યુ નોંધાયું છે.

માણસાની મહિલાને ગત માસે સ્વાઈન ફ્લુનાં લક્ષણો જણાયા હતા અને પરીક્ષણમાં તે પોઝીટીવ જણાતાં તેણીનીને સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવી હતી.

અમદાવાદમાં સિવિલ હોસ્પિટલના પરીક્ષણમાં સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયા બાદ તેણીનીને ગાંધીનગર નજીકની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવી હતી. જ્યાં આ મહિલા દર્દીની તબિયત છેલ્લા ઘણા સમયથી સ્થિર હતી. આજે સારવાર દરમ્યાન તેણીનું મૃત્યુ થયું હતું.

આરોગ્ય તંત્રએ આ મહિલા દર્દીના રહેઠાણ અને તેની આસપાસના વિસ્તારોમાં સર્વેલ્સની કામગીરી કરી હતી. પરંતુ કોઈ જ અન્ય કેસ જણાયો ન હતો. તંત્રએ અહીં જરૂરી કાર્યવાહી પણ કરી હતી.

જિલ્લામાં છેલ્લા પંદર દિવસમાં બિમારીને કારણે મૃત્યુની આ ત્રીજી ઘટના બનતાં તંત્રએ આંચકો અનુભવ્યો છે. ડેન્ગ્યૂની બિમારીથી બે મોત અને સ્વાઈન ફ્લુથી એકનું મોત થયું છે.



આપણે ત્યાં દિપાવલીનો મહિમાય ઘણો મોટો છે અને સ્વા તથા સહાય પ્રવૃત્તિનો મહિમાય ઘણો મોટો છે. તસવીરમાં આ બંને મહિમા પ્રસ્તુત થયા છે. આગામી દિપાવલીના પર્વ નિમિત્તે ગ્રીટીંગ્સ કાર્ડ્સ બાળકો તૈયાર કરી રહ્યા છે. જાણવા જેવી વાત એ છે કે કાર્ડ્સ તૈયાર કરનારાં બાળકો માનસિક વિશિષ્ટ બાળકો છે. આ પ્રવૃત્તિથી એકસાથે બે હેતુઓ સર થાય છે - માનસિક વિશિષ્ટ બાળકોને સર્જનાત્મક પ્રવૃત્તિની તાલીમ પણ મળે છે અને સાથે સાથે તેમના માટે આવકનું સાધન પણ ઊભું થાય છે. નગરમાં આવી પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓ અને આવી પ્રવૃત્તિઓને સાથ આપતા વ્યક્તિઓ ઘણા છે. કદાચ એ જ કારણે આવાં સૌ બાળકોની દિવાળી ઉજવવા જેવી જાય છે.

# જિલ્લાની પાંચેય બેઠકો પર સ્થાનિક ઉમેદવારો મૂકવા કાસમબાપુની માગ

## ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના પીઢ નેતા અને પૂર્વ પંચાયતમંત્રી કાસમબાપુ તિરમિજીની પત્રકારો સાથેની વાતચીત

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર ઉત્તર સહિત જિલ્લાની અન્ય બેઠકો પર બહારથી ઉમેદવારો મુકવામાં આવશે તો જિલ્લાની તમામ બેઠકોના પરિણામ વિપરીત આવશે તેમ પીઠ કોંગ્રેસી નેતા શ્રી કાસમ બાપુ તીરમીઝીએ આજે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું છે.

શ્રી તિરમીઝીએ જણાવ્યું છે કે કાર્યકરોની અવગણના કોઈને પણ પરવડી શકે નહિ. સ્થાનિક



ઉમેદવારોની જ પસંદગી કરવા માટેનો આગ્રહ કરતાં તેમણે જણાવ્યું હતું કે આવી રહ્યા છે તેમાં આયાતી ઉમેદવારોનો જમેલો દેખાય છે.

### મનપામાં થયેલ બળવો સ્થાનિક નેતાઓના વલણથી થયો છે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર કોર્પોરેશનમાં કોંગ્રેસ પક્ષમાં થયેલો બળવો એ સ્થાનિક નેતાગીરીના વલણને કારણે થયો છે એવું સ્પષ્ટ મંતવ્ય આજે પક્ષના પૂર્વ પ્રમુખ શ્રી કાસમભાઈ તીરમીઝીએ જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે પક્ષની સ્થાનિક નેતાગીરીએ જે પગલાં સમયસર લેવાં જોઈએ તે લીધાં નથી એ દુખદ છે. તેમણે પક્ષના અગ્રણીઓ દ્વારા જે રીતે કામગીરી થઈ રહી છે તેનાથી પણ નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું છે કે તાલુકા પંચાયત ગુમાવ્યા પછી પણ પ્રજાએ કોંગ્રેસને સત્તાનાં સૂત્રો સોંપ્યા બાદ બળવો થવો એ દુખદ છે.

શ્રી કાસમબાપુ તીરમીઝીએ જણાવ્યું હતું કે ગાંધીનગરના વિકાસ માટે માધવસિંહ સોલંકીએ જે પગલાં લીધાં હતાં તેનાં ફળ આજે બધા ખાઈ રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે સંગઠનમાં કાર્યકારી પ્રમુખની ઊભી કરાયેલી જગ્યાનું કારણ હજુ તેમને સમજાતું નથી.

કોર કમિટીમાં પણ તેમને રજુઆતો કરી હતી પરંતુ હાલ જે નામો બહાર દિલ્હીના નેતાઓને પણ સાચુ ચિત્ર

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપના ધારાસભ્ય ભાવસિંહ રાઠોડ કોંગ્રેસમાં જોડાયા

## કોંગ્રેસ ભાવસિંહ રાઠોડને રાધનપુર માટેની ટિકીટ આપીને શંકર ચૌધરી સામે મેદાનમાં ઉતારે તેવી પ્રબળ સંભાવના

અમદાવાદ, તા. ૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને કોંગ્રેસ દ્વારા આજે અમદાવાદના અસારવા ખાતે મહાસંમેલન યોજાયું હતું. જેમાં સમી-હારીજના ભાજપના ધારાસભ્ય ભાવસિંહ રાઠોડ ભાજપને રામરામ કરીને કોંગ્રેસમાં જોડાયા હતા. ભાવસિંહ રાઠોડ તેમના સમર્થકો સામે કોંગ્રેસમાં જોડાતા પક્ષના અગ્રણીઓએ કોંગ્રેસનો ખેસ પહેરાવીને તેમને આવકાર્યા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ સમી-હારીજના ભાજપના ધારાસભ્ય ભાવસિંહ રાઠોડ કોંગ્રેસમાં જોડાવવાની છેલ્લા ઘણા સમયથી ચર્ચા ચાલતી હતી. અંતે હાઈકમાન્ડે લીલીઝંડી આપતા ભાવસિંહને વિધિવત કોંગ્રેસમાં પ્રવેશ અપાયો છે. હવે ભાવસિંહનો રાધનપુર વિધાનસભા બેઠકની ટિકીટ આપવામાં આવે તેવી શક્યતા છે. કારણ કે ભાવસિંહ રાઠોડ રાધનપુર મત વિસ્તારમાં સારૂ એવું વર્ચસ્વ ધરાવે છે. અને ઠાકોર સમાજ પર તેમનું સારૂ એવું પ્રભુત્વ છે. ભાજપના રાધનપુરના ધારાસભ્ય શંકર ચૌધરીને હરાવવા માટે કોંગ્રેસે ભાવસિંહને આવકાર્યા હોવાનું કહેવાય છે. કોંગ્રેસ એવું ગણિત માંડી રહી છે કે, ભાવસિંહના પ્રવેશથી કોંગ્રેસ ત્રણથી ચાર વધુ બેઠકો પર વિજય પ્રાપ્ત કરી શકે તેમ છે. હારીજ અને સમી વિસ્તાર નવા સીમાંકનમાં બેચરાજી સાથે જોડાઈ ગયો છે. આ વિસ્તારમાં પણ ઠાકોર સમાજના મતદારો વધુ છે. ઉપરાંત પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં પણ ભાવસિંહન કોંગ્રેસના પ્રવેશને લીધે રાજકીય સમીકરણો બદલાશે તેમ લાગે છે.



# રાતભર પવનના સૂસવાટા

અમદાવાદ, તા.૫

અમદાવાદ સહિત રાજ્યનાં મોટા ભાગનાં શહેરોમાં છેલ્લા ઘણા દિવસોથી મહત્તમ અને લઘુતમ તાપમાને પારો નીચે સરકી રહ્યો છે. આજે રાજ્યના અમરેલીમાં લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી નોંધાયુ હતુ. જ્યારે નલિયામાં ગઈકાલે ૧૪.૧ ડિગ્રી નોંધાયુ હતુ. નલિયામાં ૧૪.૨ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ. આજે અમદાવાદમાં ૧૬.૨ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ જે ગઈકાલની સરખામણીમાં વધારે છે. પાટનગર ગાંધીનગરમાં ૧૫.૮ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ. કેટલાક દિવસથી મોડી રાત્રીથી વહેલી પરોઢ સુધી ફુંકાતા સુકા અને ઠંડા પવને કારણે જનજીવન અસ્ત વ્યસ્ત થઈ ગયુ છે. આજે સવારે ૧૫ થી ૧૭ કિ.મી. ઝડપે ઠંડા પવન ફુંકાયા હતા જેના કારણે રાજ્યના મોટા ભાગનાં શહેરોમાં રાત્રી-વહેલી સવારે ઠંડીનો અહેસાસ લોકોએ કર્યો હતો. આજે રાજ્યમાં સૌથી નીચું લઘુતમ તાપમાન અમરેલીનું ૧૪ ડિ.સે. નોંધાયું હતું.



ગાંધીનગરમાં પ્રથમ વખત ઘ-૫ ખાતે ભવ્ય ઉત્સવ

Deep Utsav

બાલનગરી

હેન્ડલુમ-હેન્ડીક્રાફ્ટ પ્રદર્શન

2-11-12 થી 18-11-12

ભારતના વિવિધ પ્રાંતોના કુશળ કારીગરો દ્વારા બનાવેલી આકર્ષક હસ્તકલાની વસ્તુઓનું પ્રદર્શન

TIME : 11 A.M. to 10 P.M.

હેન્ડીક્રાફ્ટ ● ટેક્સટાઈલ ● હેન્ડમેડ પ્રોડક્ટસ ● ટેરાકોટા ● જ્વેલરી

ઘ-૫ સર્કલ, ઓપન એર થિયેટર, સે.૧૬ ગાંધીનગર

જય સ્વામિનારાયણ

શ્રીજી ગોલ્ડ



આજે પુષ્યનક્ષત્ર

સોનુ-ચાંદી ખરીદવાનું ઉત્તમ મૂહુર્ત

લેટેસ્ટ ડિઝાઈનના તૈયાર દાગીના તેમજ સોના-ચાંદીની લગડી અને બિસ્કીટ ખરીદવાનું વિશ્વાસપાત્ર સ્થળ

ઓર્ડરથી ડિઝાઈન મુજબ દાગીના બનાવી આપીશું

જી-૨, પ્રમુખ પરદેશી, કેપીટલ સ્પોર્ટ્સની નીચે, 'ગ' રોડ, સેક્ટર-૨૩, ગાંધીનગર.

સંપર્ક : ૯૯૭૪૨૪૦૧૨૪, ફોન : ૨૩૨૧૧૦૨૨